દાખલ તારીખ : ૧૯–૦૯–૨૦૧૬.
રજીસ્ટ્રેશન તારીખ : ૧૯–૦૯–૨૦૧૬.
ફેસલ તારીખ : ૧૫–૦૩–૨૦૧૮.
સમય ગાળો : દિવસ–માસ–વર્ષ.

**વડોદરાના પંદરમાં એડીશ્નલ ડીસ્ટ્રીકટ અને સેસન્સ જજશ્રી ની કોર્ટ સમક્ષ. મુકામ સાવલી.**

**સેશન્સ કેસ નં.૨૦/૨૦૧૬.**

**ફરીયાદી :–**

**શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

~~૧ : સત્યમ જયંતીભાઈ નાયક.~~

~~૨ : વિનોદભાઈ વરસનભાઈ નાયક.~~

**૩ : શાંભાજી ભલાજી પરમાર.**
ઉ.વ.૨૯.
રહેવાસી.હાલ.ડેસર. તા.હાલોલ.
જી.પંચમહાલ.

~~૪ : રમેશભાઈ બબુભાઈ રાઠવા.~~

આરોપી નં. ૩ યુ.ટી.પી. હોઈ અન્ય આરોપી હાજર રહેતા ન હોઈ,
આંક– નીચે થયેલ હુકમ મુજબ, આરોપી નં. ૩ વિરુધ્ધ પુરાવો નોંધી
કેસ ચલાવવામાં આવેલ છે.

---

**શ્રી સરકાર તરફે : વિ. એ.પી.પી. શ્રી એચ. બી. ચૌહાણ.**
**આરોપી નં.૩ તરફે : વિ.વ.શ્રી. આઈ. જે. હરોશી.**

---

**ગુન્હો :– ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબ.**

**–:: જજમેન્ટ ::–**

(૧) હાલના કામના આરોપીઓ સામે વાઘોડીયા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી.નં. ૧૫૬/૨૦૧૪ થી ઈ.પી.કો.ની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આ કામના તહોમતદારો રીઢા ગુનેગાર હોઈ અને અવાર નવાર ચોરીઓ કરતા હોઈ, તેઓએ એકબીજાની મદદગારીમાં તા.૧૮–૯–૨૦૧૪ ના કલાક ૮–૦૦ થી કલાક ૯–૦૦ દરમ્યાન આમોદર ગામે રોડની સાઈડે ફરીયાદીનું એકટીવા પાર્ક કરેલ તે એકટીવા નં. જી.જે.–૦૬–એચ.સી.–૧૪૨૭ નું કીંમત રુા.૩૦,૦૦૦/– નું ચોરી કરી લઈ જઈને ગુન્હો કરેલાના આક્ષેપ છે.

(૨) હાલના કામે તપાસના કરનાર અમલદારે પોતાની તપાસના અનુસંધાને હાલના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળતા તા.૧૯–૫–૧૫ ના રોજ વાઘોડીયાની જયુ.મેજી. ફ.ક. ની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. જે ગુ.મુ.નં. ૧૩૨૨/૧૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) હાલના કામના આરોપીઓ વિરુધ્ધનું ચાર્જશીટ રજુ થતાં વાઘોડીયાના વિ. મેજી. ફ. ક. શ્રીએ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપી આંક–૪ થી ચાર્જફ્રેમ કરી પ્રાથમિક નીવેદનો આંક–૫ થી આંક–૮ સુધીના લેવામાં આવેલ. પંચ સાહેદ અહેમદશા આલમશા દીવાનને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે અને કલમ–૨૭ મુજબનું પંચનામું આંક–૧૧ થી રજુ થયેલ છે. ત્યારબાદ રેકર્ડ તપાસતા ઈ.પી.કો.ની કલમ–૪૧૩ મુજબનો ગુન્હો હોઈ અને જે સેશન્સ અદાલત સમક્ષ ચાલવા પાત્ર હોઈ હાલના કામે જરુરી કમીટલ પ્રોસીડીંગ કરી કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અધીક સેશન્સ અદાલત, સાવલી ને મોકલી આપેલ. જે સે. કેસ નંબર.૨૦/૨૦૧૬ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૪) હાલના કામે આરોપી નં.૩ સાંભાજી ભલાજી પરમાર તરફે વિ.વ.શ્રી આઈ. જે. હરોશી હાજર થયેલ છે, જયારે સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રીએ પોતાનો એપીરીયન્સ મેમો રજુ રાખેલ છે.

(૫) આ કામે આરોપી નં.૩. શાંભાજી ભાલાજી પરમાર. રહે. ડેસરના એ અત્રેની અદાલતમાં આંક–૯ થી અરજી આપતાં તેઓની જામીન અરજી મંજુર થયેલ હોવા છતાં આરોપી જામીન રજુ રાખી શકેલ ન હોઈ, ઘણાં સમયથી જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ, અન્ય આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર રહેતા ન હોઈ, હાલના આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી અલગ કરી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. આરોપી શાંભાજી ભાલાજી પરમાર સામે આંક–૧૦ થી તહોમતનામુ ફરમાવી આંક–૧૧ થી નીવેદન લેતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં તેમની સામેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ</u>**

| અ.નં. | સાક્ષીનું નામ. | આંક. |
|---|---|---|
| ૧. | પંચ મહેબુબભાઈ ગુલાબભાઈ ખત્રી. | આંક–૧૩ |
| ૨. | પંચ અજયભાઈ બળવંતસિહ મહીડા. | આંક–૧૫ |
| ૩. | હે.કો. વિજયકુમાર કૃષ્ણરાવ જાદવ. | આંક–૧૬ |
| ૪. | ત.ક.અ.હે.કો. શંકરભાઈ મોહનભાઈ ચૌહાણ. | આંક–૧૮ |
| ૫. | પંચ અશોકસિંહ દેવજીભાઈ વસાવા. | આંક–૧૯ |
| ૬. | પંચ અહેમદશા આલમશા દિવાન. | આંક–૨૦ |

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u>**

| અ.નં. | દસ્તાવેજની વિગત. | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ. | આંક–૧૪ |
| ૨. | એફ.આઈ.આર. | આંક–૧૭ |

(૭) હાલના કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૨૧ ની કલોઝીંગ પુરશીશ રજુ કરી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ નો પુરાવો નોંધી લીધા બાદ તહોમતદારનો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તહોમતદારે પોતાની વિરુધ્ધ રજુ થયેલ પુરાવાની આક્ષેપીત હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓને હાલના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલાનું  અને પોલીસે તેમના પોલીસ સ્ટેશનના ગુના પુર્ણ કરવા માટે તેઓને ખોટી રીતે અટક કરેલાનું જણાવેલ છે. આ ઉપરાંત તહોમતદારે પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૯) આ કામે સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એચ.બી. ચૌહાણની દલીલો સાંભળી તથા તહોમતદાર તરફે વિ. વકીલશ્રી હરોશીની મૌખિક દલીલો સાંભળી.

સરકારપક્ષે વિ. એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, ફરીયાદ પક્ષે તમામ મહત્વના સાહેદોનો પુરાવો રજુ રાખેલ છે અને તે મુજબ હાલના આરોપી સામેના આક્ષેપોને તેવા પુરાવાથી સમર્થન મળેલ છે, તેમજ ફરીયાદ પક્ષે હાલના કામે તહોમતદારે ફરીયાદી તથા બીજા લોકોની મોટર સાયકલોની ચોરી કરેલાનો અને તહોમતદાર રીઢા ગુનેગાર હોવાનો અને અવાર નવાર ચોરી કરતા હોવાનો સબળ પુરાવો રજુ રાખેલ હોઈ, આરોપી ને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે. વધુમાં વિ.એ.પી.પી.શ્રી એ પોતાની રજુઆતમાં એ હકીકત પણ જણાવેલ છે કે, હાલના કામે આરોપી પાસેથી ચોરીનો મુદ્દામાલ રીકવર થયેલ છે. તેવા સંજોગો માં આક્ષેપીત હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી અને તેવા કારણોસર આરોપી ને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

આ કામના આરોપી તરફે વિ.વ.શ્રી હરોશીએ તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની જોતાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ચોરીનો હોવાનું સાબીત થયેલ નથી અને પંચ

સાહેદોની જુબાનીથી પંચનામાની વિગતે મુદ્દામાલ રીકવર થયેલાનું માની શકાય નહી. પંચોની જુબાનીથી પંચનામાઓ પંચોની હાજરીમાં કરવામાં આવેલાનું ફરીયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોલીસે બીનવારસી મુદ્દામાલનો નિકાલ કરવા માટે માનીતા પંચોની તૈયાર પંચનામા ઉપર સહીઓ કરાવી હાલના આરોપીને હાલના ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**(૧૦)** આ કામે બન્ને પક્ષની રજુઆતો અને પુરાવાઓને ઘ્યાને લઈ, કેસના ન્યાય, નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

**મુ દ્દા ઓ**

**મુદ્દા નં.૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, હાલના આરોપી રીઢા ગુનેગાર હોઈ અને અવાર નવાર ચોરીઓ કરતા હોઈ આરોપી એ તારીખ–૧૮–૯–૨૦૧૪ ના કલાક ૮–૦૦ થી ૯–૦૦ દરમ્યાન આમોદર ગામે રોડની સાઈડે ફરીયાદીએ પોતાનો એકટીવા પાર્ક કરેલ તે એકટીવા સ્કુટર નં. જી.જે.–૦૬–એચ.સી.–૧ ૪૨૭ વાળુ કીંમત રૂા.૩૦,૦૦૦/– ની ચોરી કરી લઈ જઈને ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબનો સજા ને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૨.** શું હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧.** નકારાત્મક.

**મુદ્દા નં.૨.** આખરી હુકમ મુજબ.

## –:: કા ર ણો ::–

**મુદ્દા નં.૧ તથા નં.ર :–**

**પ્રસ્થાપિત સિધ્ધાંતો.**

**(૧ર)** સૌપ્રથમ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સંબંધે ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ માં જે પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત છે તે લક્ષમાં રાખવો જરુરી છે. નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા જે સિધ્ધાંતો પ્રતિપાદિત થયેલ છે તે તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ ના સિધ્ધાંત ઘ્યાને લેતાં, આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર કરવાની તમામ જવાબદારી પ્રોસીકયુશને નીભાવવાની છે. આરોપી સામેના ગુન્હાઓ શંકારહીત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ છે તેમ માનીને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની છે. નામદાર સુપ્રિમ કોર્ટે એવું પણ ઠરાવેલ છે કે, પ્રોસીકયુશનના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ હંમેશા આરોપીને જ મળવાપાત્ર થતો હોય છે. આરોપી વિરુઘ્ધની શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને શંકા કદી પણ સચોટ, સબળ અને વિશ્ર્વસનીય પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. આમ ચર્ચા કર્યા મુજબના ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંત ને નજર સમક્ષ રાખીને હાથ ઉપરના કેસના પુરાવાની હું તુલનાત્મક દૃષ્ટિકોણથી ચર્ચા કરવી ન્યાયોચીત માનું છું.

**આક્ષેપિત ગુન્હો અને કાયદાના મુદ્દા.**

**(૧૩)** હાલના કામે ઉભયપક્ષની રજુઆતો તેમજ આરોપી વિરુઘ્ધ રજુ કરવામાં આવેલ આંક–૧ નું ચાર્જશીટ તથા તે આધારે ફરમાવવામાં આવેલ આંક – ૧૦ નું તહોમતનામું ઘ્યાને લેતાં, હાલના આરોપી સાંભાજી ભલાજી પરમાર વિરુઘ્ધ ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબના સજા ને પાત્ર ગુન્હાના આક્ષેપ છે.

અત્રે એ નોંધવું આવશ્યક માનું છુ કે, ચોરીના કિસ્સામાં નજરે જોનાર સાહેદો ભાગ્યે જ ઉપલબ્ધ થતા હોય છે અને આ સંજોગોમાં આક્ષેપિત વ્યકિત પાસેથી કે તેના પ્રત્યક્ષ કે પરોક્ષ કબ્જામાંથી, ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી આવેલ હોવાનું અને તે વ્યકિત એ ચોરી કરેલ હોવાનું ફરીયાદપક્ષે સબળ અને વિશ્વસનીય

પુરાવાથી પુરવાર કરવું આવશ્યક છે. તેવી જ રીતે, આક્ષેપિત વ્યકિત ગુનો કરવાની ટેવવાળો હોવાનું અને તેની સામેના ગુના પુરવાર થયેલ હોવાનું સાબિત કરવું અતિમહત્વનું છે.

**<u>ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવાઓ :–</u>**

**(૧૪)** આ કામે ફરીયાદી વિપુલકુમાર પ્રભુદાસ પટેલ આંક–૧૨ ના પ્રોસેસના શેરા તથા તેની સાથેના મરણના પ્રમાણપત્ર મુજબ અવસાન પામેલ હોઈ તેઓનો પુરાવો હાલના કામે રજુ થયેલ નથી.

**(૧૫)** આ કામે પ્રોસીકયુશન તરફે આંક–૧૪ ના ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ મહેબુબભાઈ ગુલાબભાઈ ખત્રીને આંક–૧૩ થી તથા પંચ સાહેદ અજયભાઈ બળવંતસિહ મહીડાને આંક–૧૫ થી તપાસવામાં આવેલા છે. આ બન્ને પંચ સાહેદોએ તેમની સરતપાસમાં તા.૪–૧૧–૨૦૧૪ ના રોજ પંચનામા માં સહી કરી આપ્યાનું જણાવેલ છે. આ બન્ને પંચ સાહેદોએ આંક–૧૪ ના પંચનામા માં પંચ તરીકેની પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે. આ પંચ સાહેદોએ આરોપી તરફેની ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં પોલીસે તેઓનું નામ, ઉંમર તથા સરનામુ પુછેલ, તૈયાર લખાણ ઉપર સહી લીધેલી.

**(૧૬)** આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ હે.કો. વિજયકુમાર કૃષ્ણરાવ જાદવ ને આંક–૧૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને–૨૦૧૪ ના અરસામાં તેઓ વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે સમયે તા.૩–૧૦–૧૪ ના રોજ ફરીયાદી વીપુલભાઈ પ્રભુદાસ પરમાર રહે. વડોદરા, ઉમા સોસાયટીનાઓ એ તેઓનું સ્કુટર નં. જી.જે. –૬– એચ.સી.–૧૪૨૭ નું તા.૧૮–૯–૧૪ ના રોજ આમોદર ગામે રોડની બાજુમાં લોક કરી મુકેલ જે કોઈ ઈસમ લોક તોડી ચોરી કરીને લઈ ગયેલાની ફરીયાદ તેઓ પી.એસ.ઓ. તરીકે વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે સમયે લખાવતા ફરીયાદ

તેઓના લખાવ્યા મુજબની લખી લઈ વાઘોડીયા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ. ર. નં. ૧ ૫૬/૧૪ થી ગુનો રજીસ્ટરે નોંધી આગળની તપાસ માટે કાગળો હે.કો. શંકરભાઈ મોહનભાઈ ચૌહાણને સોપેલ. સદર સાહેદે અસલ એફ.આઈ.આર.માંની વિગતો તેઓના હસ્તાક્ષરવાળી હોવાનું અને ફરીયાદીની તેઓના રુબરુની સહી હોવાનું જણાવી આંક–૧૭ થી રજુ કરેલ છે. આ સાહેદે આરોપી તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ હાલના કામે ફરીયાદ નોંધ્યા સીવાય કોઈ કામગીરી કરેલ નહી. વધુમાં ફરીયાદ અજાણ્યા વ્યકિતઓ સામે દાખલ કરેલાનું સ્વીકારેલ છે.

**(૧૭)** આ કામે પ્રોસીકયુશન તરફે તપાસ કરનાર અમલદાર અ.હે.કો. શંકરભાઈ મોહનભાઈ ચૌહાણને આંક–૧૮ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને–૨૦૧૪ ના અરસામાં વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તે સમયે તારીખ. ૩–૧૦–૧૪ ના રોજ ફરીયાદી વિપુલ પ્રભુદાસ પરમારનાઓએ તેમના સ્કુટર ચોરી થયાની ફરીયાદ તેઓના પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. રુબરુ લખાવતા વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર.નં. ૧૫૬/૧૪ થી ગુનો રજીસ્ટર થઈ તપાસ તેઓના તરફ આવતા ફરીયાદી ને હાજર રાખી ગુનાની જગ્યા તેઓએ બતાવતા બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી તપાસના કાગળોમાં સામેલ રાખેલ. ત્યારબાદ ફરીયાદીના સ્કુટર તેમજ આરોપીઓની તજવીજ ચાલુ રાખેલ. ત્યારબાદ હાલોલ પોલીસ સ્ટેશન તરફથી આ ગુનાના કામના આરોપીઓ મળી આવ્યા અંગેની લેખિત જાણ થતાં રુબરુ જઈ આરોપી, મુદામાલ તેમજ કાગળોનો કબજો મેળવી આરોપીઓને વાઘોડીયા પોલીસ સ્ટેશને લાવી પુછપરછ કરતાં ચોરેલ સ્કુટર વલવા ગામની સીમમાં સંતાડેલ હોય તે રાજીખુશીથી બતાવવા તૈયાર થતાં બે પંચોના માણસોને સાથે રાખી પંચનામાં હેઠળ આરોપીની જણાવેલ જગ્યાએથી સ્કુટર મળી આવતા તપાસના કામે કબજે કરેલ. તેમજ કરેલ પંચનામુ તપાસના કાગળો માં સામેલ રાખેલ. આરોપીઓ ને અટક કરી અને મુળ ફરીયાદના કામે ઈ.પી.કો.ની કલમ–૪૧૩, ૧૧૪

નો રીપોર્ટ નામદાર કોર્ટમાં રજુ રાખેલ. આ કામે ગુનાના કાગળો તેમજ તપાસ દરમ્યાન ના પંચનામાઓ, આરોપીની પુછપરછના નીવેદનો ધ્યાને લેતાં આરોપીઓનું ચાર્જશીટ કરવા યોગ્ય જણાતાં ચાર્જશીટ કરેલ. આ સાહેદે તમામ આરોપીઓ ને ઓળખતા હોવાનું જણાવી હાલના આરોપી શાંભાજીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આ સાહેદે ગુનાવાળી જગ્યાના પંચનામામાં પંચોની હે.કો. ભુપેન્દ્રસિહ ઈન્દ્રસિહ રુબરુની સહી હોવાનું જણાવેલ છે તથા મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવેલ છે અને ગુનાવાળી જગ્યાના પંચનામા તેમજ આરોપીઓ એ બતાવેલ સ્થળેથી સ્કુટર કબજે કરેલ તેનું પંચનામુ જોઈને તેમાં પંચોની તેઓના રુબરુની સહીઓ હોવાનું ઓળખી બતાવેલ છે.

આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસમાં કરવામાં આવેલ છે. જેમાં તેઓએ મુદ્દામાલ બીનવારસી મળી આવેલાનો, સ્કુટર કબજે કરેલાનું પંચનામુ ખોટી રીતે તૈયાર કરી હાલના કામે રજુ રાખેલાનું અને મુદ્દામાલ સ્કુટર બીનવારસી મળી આવેલ જે હાલના ગુનાના કામે સાંકળી આરોપી વિરુધ્ધ ખોટી કાર્યવાહી કરવામાં આવેલાનું, અનડીટેકટેડ ગુનાના કામે આરોપીઓને ખોટી રીતે સંડોવી દઈ ખોટી કાર્યવાહી કરેલાનો ઈન્કાર કરેલ છે.

**(૧૮)** આ કામે પ્રોસીકયુશન તરફે પુરાવા ધારાની કલમ–૨૭ મુજબનું રીકવરીનું પંચનામું આંક–૧૧ થી રજુ થયેલ છે. આ પંચનામાના પંચ સાહેદ અશોકસિહ દેવજીભાઈ વસાવા ને આંક–૧૯ થી અહેમદશા આલમશા દિવાન ને આંક–૨૦ થી તપાસવામાં આવેલા છે. આ બન્ને પંચ સાહેદોએ પંચનામામાં પંચ તરીકે ની પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ, ફરીયાદપક્ષના કેસને કે પંચનામાંની હકિકતોને સમર્થન આપેલ નથી.

**<u>ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક પુરાવાઓનું મુલ્યાંકન.</u>**

**(૧૯)** આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત તમામ પુરાવો એક સાથે વંચાણે લઈ ફરીયાદપક્ષ માટે આરોપી વિરુધ્ધના ગુનાઓ પુરવાર કરવા સારુ

કાયદાથી આવશ્યક તત્વો શંકાથી પર પુરવાર કરવા અતિઆવશ્યક અને મહત્વના છે. હાલના કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો મુજબ આ કામના આરોપી રીઢા ગુનેગાર હોઈ અને અવાર નવાર ચોરીઓ કરતા હોઈ અન્ય આરોપીઓની મદદગારીમાં ફરીયાદીની મોટર સાયકલની ચોરી કરેલ છે.

હાલના ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ ફરીયાદીનું એકટીવા ચોરી કરી લઈ જઈને સંતાડેલ તે પુરાવાધારાની કલમ–૨૭ મુજબના આંક–૧૧ ના પંચનામાની વિગતે કબજે થયેલ છે તે અંગે સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવવો આવશ્યક છે. આ સંજોગોમાં અગાઉ ચર્ચા કરવામાં આવેલ છે તેવા ફરીયાદપક્ષના પુરાવાનું એકસાથે મુલ્યાંકન કરવુ આવશ્યક જણાય છે.

**<u>મુદ્દામાલ રીકવરી:–</u>**

**(૨૦)** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો આ કામે પુરાવા ધારાની કલમ–૨૭ મુજબનું પંચનામુ આંક–૧૧ થી રજુ થયેલ છે. આ પંચનામાના બન્ને પંચો સાહેદોએ ફરીયાદપક્ષની હકીકતો બીલકુલ સમર્થનકારક પુરાવો આપેલ નથી તેથી હાલના કામે આરોપીઓના કહેવાથી અને બતાવવાથી મુદ્દામાલ એકટીવા સ્કુટર મળી આવ્યાની હકીકત નિશંકપણે પુરવાર થયેલ નથી.

**<u>પોલીસ સાહેદના પુરાવાનું મુલ્યાંકન :–</u>**

**(૨૧)** હાલના કામે મુદામાલ રીકવરી અંગે ફરીયાદપક્ષના સાહેદ શંકરભાઈ મોહનભાઈ ચૌહાણે આંક–૧૮ ની જુબાનીમાં ફરીયાદીનું એકટીવા ચોરાઈ જતાં તેના ગુનાની ફરીયાદની તપાસ તેઓએ કરેલી અને આરોપીઓ મળી આવતાં પુછપરછ કરતાં ચોરેલ સ્કુટર વલવા ગામની સીમમાં સંતાડેલાનું અને તે બતાવવા તૈયાર થતાં બે પંચોના માણસોને સાથે રાખી કલમ–૨૭ ના પંચનામા હેઠળ આરોપીના જણાવેલ જગ્યાએથી સ્કુટર મળી આવતા તપાસના કામે કબજે લીધેલાનું અને પંચનામુ કરેલાનું જણાવેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પુરાવા ધારાની કલમ–૨૭ મુજબના પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની વિગતે સ્કુટર કબજે થયેલાની

હકીકત ને સમર્થન આપેલ નથી. તેથી આ સાહેદની જુબાનીને સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ ન હોઈ આ સાહેદના જણાવ્યા મુજબ આરોપીઓના જણાવ્યા, બતાવવાથી પંચનામાની વિગતે સ્કુટર મળી આવેલાની હકીકત નિશંકપણે પુરવાર થતી નથી.

આ સાહેદનો સમગ્ર પુરાવો જોઈએ તો હાલના આરોપી ચોરી કરવાની ટેવવાળા કે રીઢા ગુનેગાર હોય તેવો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેથી હાલના સાહેદના પુરાવા ઉપરથી આરોપીઓના બતાવવાથી ફરીયાદીનું સ્કુટર–એકટીવા પંચનામાની વિગતે મળી આવેલાનું નિશંકપણે સાબીત થતું નથી.

**(૨૨)** આમ હાલના કામે ફરીયાદીનું સ્કુટર–એકટીવા હાલના આરોપી શાંભાજી ભલાજીના કહેવા, બતાવવાથી કબજે થયેલાનું કે આરોપી અવાર નવાર ચોરી કરતા હોય કે રીઢા ગુનેગાર હોય તેવી હકીકત નિશંકપણે સાબીત થતી નથી.

**અન્ય પંચ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન.:–**

**(૨૩)** ફરીયાદપક્ષે આંક–૧૪ ના બનાવવાળી જગ્યાનું પંચનામાના પંચો એ આંક–૧૩ અને આંક–૧૫ ના મૌખિક પુરાવામાં પંચનામામાં સહી કરી આપ્યાનું જણાવેલ છે અને પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આ પંચ–સાહેદો ને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.જી.પી.એ એવીડન્સ એકટની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં પણ પંચનામાની હકીકતો નો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે. આરોપી તરફેની ઉલટ તપાસમાં વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં પોલીસે તેઓનું નામ, ઉંમર તથા સરનામુ પુછેલાનું અને તૈયાર લખાણ ઉપર સહી લીધેલાનું કબુલેલ છે. આમ બનાવવાળી જગ્યાના પંચનામા ની હકીકતો નિશંકપણે પુરવાર થયેલી નથી.

**(૨૪)** આ કામે પ્રોસીકયુશન તરફે હે.કો. વિજયકુમાર કૃષ્ણરાવ જાદવે આંક–૧૬ ના મૌખિક પુરાવામાં ફરીયાદીએ લખાવ્યા મુજબની ફરીયાદ

લખી લઈ ગુનો રજીસ્ટર નોંધી આગળની તપાસના કાગળો હે.કો. શંકરભાઈ મોહનભાઈ ચૌહાણને સોપેલાનું જણાવી ફરીયાદમાં પોતાના હસ્તાક્ષર તથા રુબરુની તરીકે સહી ઓળખી બતાવી આંક–૧૭ થી રજુ કરેલ છે અને આરોપી તરફેની ઉલટ તપાસમાં ફરીયાદ નોંધ્યા સીવાય કોઈ કામગીરી તેઓએ નહી કરેલાનું સ્વીકારેલ છે.

આમ આ સાહેદે ફરીયાદીએ લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ માટે તપાસ કરનાર અમલદાર શ્રી ચૌહાણ ને મોકલવાની કામગીરી કરેલ છે.

**<u>સાંરાશ :–</u>**

**(૨૫)** આ સંજોગોમાં રજુ થયેલ પુરાવો એકંદરે વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષના સાહેદો પંચ સાહેદો, પોલીસ સાહેદો, તપાસ કરનાર અમલદાર છે. આ કામે ફરીયાદી અવસાન પામેલા હોઈ તેઓને તપાસવામાં આવેલ નથી. આ કામે સમગ્ર રેકર્ડ જોતાં ફરીયાદીએ કોઈને સ્કુટર–એકટીવા ચોરી કરીને લઈ જતાં જોયેલ નથી. આંક–૧૯ ના પંચ સાહેદ અશોકસીહ તથા આંક–૨૦ ના પંચ સાહેદ અહેમદશાએ આંક–૧૧ ના પંચનામાની વિગતે સ્કુટર–એકટીવા કબજે થયાની હકીકતને સમર્થન આપેલ નથી. આ કામે સમગ્ર ચાર્જશીટ જોતાં કોઈ સ્વતંત્ર સાહેદો ના નીવેદનો લેવામાં આવેલ નથી કે તેવા કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો હાલના કામે રજુ થયેલ નથી. હાલના આરોપી સાંભાજી ભલાજી પરમાર રીઢા ગુનેગાર હોય કે અવાર નવાર ચોરીઓ કરતાં હોય તેવો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ થયેલ નથી. આ કામે સાહેદોએ તેમની જુબાનીમાં વિરોધાભાસી હકીકતો જણાવેલ છે અને હાલના આરોપીને સંડોવતો ચોકકસ પુરાવો રજુ રાખતા નથી અને એકબીજાને પુરક પુરાવો આપતા નથી તેથી તેનો લાભ પણ આરોપી ને મળવાપાત્ર થતો હોવાનું મારુ સ્પષ્ટપણે માનવું છે. આમ ફરીયાદપક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધ જે આક્ષેપો કરવામાં આવેલ છે તે મે અગાઉ ઉપર નોધ્યું તે મુજબ નિ:શંકપણે સાબીત થતાં નથી. ફરીયાદપક્ષના સાહેદોના પુરાવાથી હાલના આરોપી

એ ફરીયાદીના સ્કુટર–એકટીવાની ચોરી કરેલ હોય કે ચોરી કરવામાં મદદગારી કરી હોય કે રીઢા ગુનેગાર હોય કે અવાર નવાર ચોરી કરતા હોય તે મતલબનો સમર્થનકારી, સીધો અને વિશ્વસનીય પુરાવો રજુ થયેલ નથી ત્યારે રજુ થયેલ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં, હાલના આરોપીને હાલના ગુનાના કામે સાંકળતો સમર્થનકારી, સીધો અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. ફરીયાદપક્ષ રેકર્ડ ઉપરના પુરાવાના આધારે હાલના આરોપી સામેનો પોતાનો કેસ કડીબધ્ધ રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

આમ, ઉપરોકત ચર્ચામાં નોધેલ સંજોગોને નજર સમક્ષ રાખી ફરીયાદપક્ષ હાલના આરોપી સામેના આક્ષેપો શંકાથી પર રહીત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. જેથી હાલના આરોપી સાંભાજી ભલાજી પરમારને ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ મુજબના ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયીક જણાતું હોય તેમ ઠરાવી મુદ્દા નં.૧ સંબંધનો નિર્ણય મારી ઉપરોકત ચર્ચા મુજબ નકારમાં આપું છું. તેમજ મુદ્દા નં.ર અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

**ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આરોપી સાંભાજી ભાલાજી પરમાર, રહે. ડેસર. તા. હાલોલ. જી.પંચમહાલનાઓ ને ઈ.પી.કો. ની કલમ–૩૭૯, ૪૧૩, ૧૧૪ અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૪૩૭(ક) મુજબ અપીલના કામે હાજર રહેવા સંબંધે રુા. ૭,૦૦૦/– (અંકે રુપિયા સાત હજાર પુરા) ના જાત જામીન તેમજ તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ રાખવા.

હાલના કામે બાકીના આરોપીઓની સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ આંક ૯ થી કરવામાં આવેલ છે તે ધ્યાને લેતાં તેમજ રેકર્ડ ધ્યાને લેતાં આરોપીઓ ને વોરંટની બજવણી થતી નથી અને આરોપીઓ ચાર્જશીટમાં જણાવેલ સરનામે

પણ મળી આવતા નથી આ સંજોગોમાં સદર આરોપીઓ વિરુધ્ધ આંક ૧ નીચે અલગથી હુકમ કરી, તેઓ વિરુધ્ધનો કેસ ક્રિમિનલ મેન્યુઅલ પારા. ૨૧૧ મુજબ ડોરમેન્ટ ફાઇલ પર મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે અન્ય આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી બાકી હોઈ મુદ્દામાલ અંગેનો નિર્ણય હાલના તબકકે કરવામાં આવતો નથી પરંતુ, જો આ અન્ય આરોપીઓની સામેની ઈન્સાફી કાર્યવાહી આ હુકમ થયા તારીખ થી ૧ વર્ષના સમયગાળા દરમ્યાન પુરી ન થઇ શકે તેવા સંજોગોમાં મુદ્દામાલ અંગેનો વચગાળાનો હુકમ કાયમી ગણવાનો રહેશે.

આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ જેલને જરુરી યાદી કરવી.

હુકમ આજરોજ તારીખ–૧૫, માહે–માર્ચ, સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ– ૧૫–૦૩–૨૦૧૮.**
**સ્થળ : સાવલી.**

**( ડી. જે. મહેતા. )**
**પંદરમાં એડીશ્નલ સેસન્સ જજ,**
**વડોદરા, મુકામ– સાવલી.**
**કોડ નંબર–જી.જે. ૦૦૬૬૬.**

**એમ.એમ.મલેક.**
ગુજ.સ્ટેનો.